ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



વલ્લભભાઈ દેસાઈ
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૭૬૦૦૦ ૫૭૨૦૦



ઉમેશકુમાર પી વસાવા
મો. ૯૯૭૪૧ ૪૧૩૯૯



અજયસિંહ કુરેસિંહ સિસોદીયા
મો. ૯૯૭૮૪ ૦૭૪૭૯



સુરેશકુમાર બી ઘોઘરા
મો. ૯૮૭૯૦ ૮૪૬૧૧



ઉમા સુતરિયા
સેક્શન અધિકારી,
મો. ૯૯૨૫૬ ૧૨૧૯૦



જૈનિલ મનીષ ખત્રી
મો. ૯૪૨૬૩ ૫૯૫૨૨



જાહ્નવી દેવાંગ પરમાર
મો. ૮૪૬૦૪ ૬૮૮૩૨



તસનીમ આઈ શેખ
મો. ૬૩૨૭૩ ૮૪૩૬૭



વિહાન અરૂણભાઈ દરજી
મો. ૯૧૭૩૮ ૬૮૭૪૨



કમલેશ ઉપાધ્યાય
મો. ૯૮૨૪૨ ૭૧૯૫૮



ગુજરાત નૅશનલ લૉ યુનિવર્સિટી ખાતે ઍમ્બેસેડર લૅક્ચર સિરીઝનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સિરીઝમાં ચાઈનાના ભારત ખાતેના ડીસીઍમ લીઉ જિનસોંગ, શિક્ષણ વિભાગના શિક્ષણ અધિકારી આઈ લોન્ગફેઈ, ઈકોનોમિક અને કૉમર્શિયલ કાઉન્સેલર ઑફિસના થર્ડ સૅક્રેટરી ટ્યુ પેંગફેઈ, પૉલિટીકલ સૅક્શનના રેન હાઓ ઉપસ્થિત રહ્યા હતા. લીઉ જિનસોંગ દ્વારા વિષય સંદર્ભે પ્રવચન આપવામાં આવ્યું હતું. જીઍનઍલયુના ડિરેક્ટર બિનલ ઍન પટેલ દ્વારા સ્વાગત પ્રવચન આપવામાં આવ્યું હતું. પ્રવચન બાદ જિનસેંગ અને ચાઈનાના પ્રતિનિધિઓ દ્વારા ફૅકલ્ટીઝ અને વિદ્યાર્થીઓ સાથે મુલાકાત પણ યોજવામાં આવી હતી.

# ચૌધરી કન્યા વિદ્યાલય ખાતે ઍનઍસઍસ અંતર્ગત વ્યાખ્યાન

ગાંધીનગર, તા. ૪

શ્રી જે ઍમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય (ગ્રાન્ટેડ), સૅક્ટર-૭ ખાતે રાષ્ટ્રીય સેવા યોજનાની પ્રવૃત્તિ અંતર્ગત પ્રૌઢ શિક્ષણ કેન્દ્રના ડિરેક્ટર લક્ષ્મણભાઈ સવૈયાનું વક્તવ્ય આયોજિત કરવામાં આવ્યું હતું, જેઓ ગૂજરાત વિદ્યાપીઠ ખાતે હિન્દી ભવનના સંયોજક પણ છે.

ઍનઍસઍસ સ્વયંસેવક બહેનોને તેમણે શિબિરનું સંચાલન, નેતાગીરી, શિબિર કામગીરી અંગે માર્ગદર્શન આપ્યું હતું તથા સમાજની સાંપ્રત સમસ્યાઓ અંગે પણ વિશદ માહિતી પૂરી પાડી હતી. તેમણે સ્ત્રી-પુરુષોની જિલ્લા મુજબની સંખ્યાની ચોક્કસ આંકડાકીય માહિતી આપી વિષયને ગંભીરતાથી લેવા માટે અપીલ કરી હતી તથા નિરક્ષરોને સાક્ષર બનાવવા પણ વિશેષ ભાર મૂક્યો હતો. આચાર્ય સંતોકબેન ચૌધરીના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ સફળ બન્યો હતો.

# શાહપુર પ્રાથમિક શાળામાં વૃક્ષારોપણ કરાયું

ગાંધીનગર, તા. ૪

શાહપુર પ્રાથમિક શાળામાં સ્વચ્છ પર્યાવરણ જાગૃતિ અભિયાન અન્વયે વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એલઆઈસી ગાંધીનગરના અધિકારી દ્વારા શાળામાં ૨૫ રોપાઓ અને આ રોપાઓના રક્ષણ માટે તેના પીંજરાનું દાન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે તેમની સાથે તેમના ટીમના તમામ સભ્યો પણ હાજર રહ્યા. તેમણે પોતાના પ્રવચનમાં સ્વચ્છ ભારતને હરિયાળું બનાવવા માટે પોતાના ગામમાં અને ઘરની નજીક એક વૃક્ષ વાવી તેને ઉછેરવા માટે સંકલ્પ લેવડાવ્યા હતા. આ પ્રસંગે ગામના સરપંચ, ગ્રામજનો અને શાળાના તમામ શિક્ષકોએ પણ વૃક્ષારોપણ કાર્યક્રમમાં પોતાનો સહયોગ આપ્યો હતો. આ ઉપરાંત શાળાના તમામ બાળકોને એલઆઈસી તરફથી બિસ્કીટના પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

### હરે કૃષ્ણ મંદિર, ભાડજ દ્વારા આયોજિત

# ક્રિષ્ના હૅરીટેજ ફેસ્ટ સંપન્ન



ગાંધીનગર, તા. ૪

હરે કૃષ્ણ મંદિર, ભાડજ દ્વારા આયોજિત ક્રિષ્ના હૅરીટેજ ફેસ્ટ કાર્યક્રમની પૂર્ણાહુતિ શુક્રવારે ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કાર્યક્રમથી કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે આ ફેસ્ટના માધ્યમથી ૨૬ જેટલી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની તક ૪૦ જેટલી સ્કૂલ્સના ૨૫૦૦ જેટલા વિદ્યાર્થીઓને મળ્યું હતું. જે પૈકી ૩૫ સ્કૂલ્સના ૩૦૦ વિદ્યાર્થીઓ ઈનામ જીતવા નસીબદાર બન્યા હતા.

આ વર્ષની રોલિંગ ટ્રૉફી મહારાજા અગ્રસેન વિદ્યાલયને પ્રાપ્ત થઈ હતી. રનર્સ અપ વિદ્યાલય અમ્રિતા વિદ્યાલય અને સ્ટાર પાર્ટીસિપન્ટ ટ્રૉફી શાંતિ એશિયાટીક સ્કૂલને પ્રાપ્ત થઈ હતી. શ્રી શ્રી રવિશંકર વિદ્યાલય, બ્રાઈટ વિક્ટરી સ્કૂલ અને અન્ય કેટલીક સ્કૂલ્સને ઈનામ વિતરણ સમારોહ અંતર્ગત સુંદર પરફોર્મન્સ માટે ઈનામો આપવામાં આવ્યાં હતાં.

# રાજ્યના પ્રવાસન મંત્રી દ્વારા ટીટીએફની મુલાકાત



ગાંધીનગર, તા. ૪

ટીટીએફના બીજા દિવસે ગુજરાતના પ્રવાસન પ્રધાન ગણપતસિંહ વસાવાએ ટીટીએફ, અમદાવાદની મુલાકાત લેતાં પ્રદર્શનમાં સામેલ થયેલા એક્ઝિબીટર્સને ખૂબ જ પ્રોત્સાહન પ્રાપ્ત થયું હતું.

પ્રવાસન પ્રધાન પ્રદર્શનના વિવિધ સ્ટોલ ઉપર ગયા હતા ત્યાં તેમનું ઉષ્માભર્યુ સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમણે જે તે બુથના પ્રતિનિધિઓ સાથે પણ વાતચીત કરી હતી. ટીટીએફની મુલાકાત લઈ આનંદ વ્યક્ત કરતાં તેમણે કહ્યું કે 'મને એ જાણીને આનંદ થયો કે ટીટીએફ ભારતનું સૌથી મોટુ ફેર નેટવર્ક છે અને ટીટીએફનું અમદાવાદમાં આયોજન કરવામાં આવ્યું છે. ટીટીએફની ગણના પ્રવાસનના પ્રચારના ખૂબ જ સફળ પ્લેટફોર્મ તરીકે થાય છે અને અહીં ભારતીય પ્રવાસન ક્ષેત્રના તમામ સહયોગીઓ એક જ સ્થળે એકત્રિત થાય છે અને સ્થાનિક પ્રવાસનની સાચી ક્ષમતા બહાર લાવે છે.' પ્રધાનશ્રી તા. ૯ થી ૧૧ સપ્ટેમ્બર, ૨૦૧૬ દરમ્યાન દિનદયાળ ઉપાધ્યાય ઈનડોર સ્ટેડિયમ ખાતે યોજાનાર ટીટીએફ, સુરતનું પણ ઉદ્ઘાટન કરશે. આ વર્ષે ટીટીએફ અમદાવાદમાં ૧૩ દેશો અને ભારતના ૨૩ રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોના ૫૩૫ એક્ઝિબિટર્સ ભાગ લઈ રહ્યા છે.



શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આટ્ર્સ કૉલેજમાં સ્વયં શિક્ષણ દિનની ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીનીઓએ એક દિવસ માટે શિક્ષક તરીકેની ભૂમિકા અદા કરી હતી અને શિક્ષણકાર્ય બાદ પોતાના અનુભવો વ્યક્ત કર્યા હતા. આચાર્ય ડૉ. ઊર્મિલાબેન ચૌધરી અને પ્રા. ભરતસિંહ રાવે વિદ્યાર્થીનીઓને શિક્ષક અને શિક્ષણના વ્યવસાયના મહત્ત્વ વિશે સમજ આપી શુભેચ્છાઓ પાઠવી હતી. સર્વશ્રેષ્ઠ શિક્ષણકાર્ય કરનાર ત્રણ વિદ્યાર્થીનીઓને વિજેતા ઘોષિત કરવામાં આવી હતી. અંતે, હોમ સાયન્સ વિભાગ દ્વારા આયોજિત આનંદ મેળાનો સૌએ સાથે મળીને લાભ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન ડૉ. લિના સ્વાદિયા, પ્રા. મુન્નાબેન ચૌધરી અને પ્રા. ગીતાબેન ચૌધરીએ કર્યું હતું. સમારોહનું સંચાલન આશા ચૌધરીએ અને આભારવિધિ વિભૂતિ મંડોરાએ કર્યું હતું.



ગાંધીનગરની સેવા સંસ્થા શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ભિલોડા તાલુકાના છાત્રેશ્વરી ગામનાં ૩૨ વૃધ્ધો તથા મોડાસા તાલુકાનાં વાંટડા ગામમાં ૪૦ને કુલ ૯ જીવન જરૂરી વસ્તુઓની કિટનું વિતરણ કર્યુ હતું. ચોખા, ખાંડ, ચા, મગ, સાબુ, અગરબત્તી, બિસ્કીટ જેવી વસ્તુઓ આ કિટમાં સામેલ હતી. આ સાથે રાનીઓડમાં ૧૦૨ બાળકોને નવાં વસ્ત્રો પણ સંસ્થા દ્વારા આપવામાં આવ્યાં હતાં. રાજુભાઈ, કૌશિકભાઈ, રત્તાણી, મિલિન્દભઆઈ આ કાર્યમાં જોડાયા હતા. નવલપુર ખાતે હનુમાન મંદિરના મહારાજને પણ વસ્તુઓની કિટ ભેટ ધરવામાં આવી હતી.

## ડાયરેક્ટ ❤ સે

પ્રાર્થના, સ્વપ્નો અને બીજ - ત્રણેયની પ્રકૃતિ એકસરખી છે.

ત્રણેયની અંદર કાંઈ જ દેખાતું નથી, પરંતુ સર્જન કરવાની તાકાત અમાપ હોય છે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
અકિરા
૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
અકિરા
૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૪**
સનશાઈન મ્યુઝિક ટુર્સ ઍન્ડ ટ્રાવેલ્સ
૧૨.૩૦, ૭.૦૦
હૅપ્પી ભાગ જાયેગી
૩.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૫**
અકિરા
સવારે ૧૦.૦૦
યહ તો ટુ મચ હો ગયા
૧૨.૪૫, ૬.૪૫
રૂસ્તમ
રાત્રે ૯.૩૦

**સ્ક્રીન-૬**
અકિરા
સાંજે ૬.૩૦
યહ તો ટુ મચ હો ગયા
સવારે ૧૦.૦૦
રૂસ્તમ
૩.૪૫

## એમ બી પટેલ શાળાનું ગૌરવ



ગાંધીનગર, તા. ૪

નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ગુજ કોસ્ટ દ્વારા નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં એમ.બી. પટેલ કન્યા શાળાની વિદ્યાર્થીનીએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં શાળાની ધો-૮માં અભ્યાસ કરતી જાનકી ઝાલાએ દ્વિતીય ક્રમાંક મેળવી શાળાનું ગૌરવ વધાર્યુ છે. વિજેતા વિદ્યાર્થીનીને સર્ટીફીકેટ તથા રોકડ પુરસ્કાર આપવામાં આવ્યો હતો. શાળાના આચાર્યા નીરૂબેન પટેલ અને શિક્ષિકા સ્મિતાબેન જોષીએ વિજેતા વિદ્યાર્થીનીને અભિનંદન પાઠવ્યા છે.

# બા-દાદાએ ઘરમાં સંસ્કાર, આદર્શ અને નૈતિક મૂલ્યોનું રખોપું કર્યું

**સંવેદના**
**યાદ દાદા-દાદીની**

'રામનું રખોપુ' જ્યારે ઘરની બહાર નીકળીયે ત્યારે તાળું મારવાનું હોય ત્યારે બોલવામાં આવે. મને ઘરને તાળું મારવાનું ન ગમે. કારણકે અમારા ઘરમાં 'રામના રખોપા' હતા, મારા બા દાદા જેમના કારણે અમારા ઘરના દરવાજા ક્યારેય બંધ ન થતા. ઘરમાં તાળાનો વપરાશ બહુ જ ઓછો થયો હશે. છેલ્લા ત્રીસ વર્ષથી એક જ તાળું.

મારા બા-દાદાએ ઘરમાં સંસ્કાર, આદર્શ અને નૈતિક મૂલ્યોનું રખોપું કર્યું. એમના થકી અમારા ઘરની આમન્યા જાળવતા શીખ્યું. બાની વાર્તા, દાદાની રાજકારણ વિષેની ચર્ચા, વ્યાવાહારીક બાબતોમાં તેમનું માર્ગદર્શન, દિવાળી પર સૌ પહેલા તેમના આશીર્વાદ , ચોમાસામાં પેલા વરસાદમાં દાદાને ભાવતા ભજીયાની તૈયારીમાં બધાનું કામે લાગી જવું, બાની પુજા પછી તુલસીપત્ર એવું તો ઘણું બધુ યાદ આવે છે.

હવે દરેક તહેવારમાં એમની ખોટ વર્તાય. એમની હૂંફ અને આળપંપાળ યાદ આવે. એમનું હોવું એટલે ઘરમાં પ્રેમ, હૂંફ અને કાળજીને કદીયે તાળું નહીં. આજે બા-દાદા સાથે નથી પણ મારા વ્યક્તિત્વમાં એમની છાપ જોવા મળે જ્યારે કોઈ એમ કે તું તારા બા જેવી રસોઈ બનાવે છે કે દાદા જેવું નિરીક્ષણ છે. મારું અણગમતું કામ ઘરને તાળું મારવાનું આવે ત્યારે બા-દાદા બહુ જ યાદ આવે.

**- હરેશ્વરી નારાયણ રાબા**

મારા દાદા જન્મે શ્રીગૌડ બ્રાહ્મણ. બે પુત્રરત્નો - ભાનુપ્રસાદ અને વિનયપ્રસાદના પિતા. ગુણવતાન પત્ની સવિતાબેનના પ્રેમાળ પતિ. યુવાન વયે પત્નીનું અવસાન થયું. બે દીકરાનું અપાર સ્નેહ અને સંપત્તિ ઉપાર્જન કરીને ઘડતર કર્યું. જ્ઞાતિજનોના અતિ આગ્રહને પણ ન સ્વીકાર્યો ને પુનઃ લગ્ન ન જ કર્યા.

આવા નિઃસ્વાર્થી દુદા કુબેરદાસ રણછોડદાસ જોશીએ ૧૯૬૫માં ગોધરા મુકામે એક વર્ષ માટે અમારી (પૌત્રોની) પણ જવાબદારી સ્વાકારી. વ્યવસાયે તેઓ આદર્શ શિક્ષક... તેમણે ધોરણ-૩માં મને પલાખાં, શબ્દો, તકલી કાંતવી, સાવરણી ફેરવવી, વાસણ કપડાંથી લૂછવાં અને શ્લોક મોઢે કરાવવાનાં માનવમૂલ્યો શીખવ્યાં.


૧૯૭૭માં હું કૉલેજના બીજા વર્ષમાં હતો ત્યારે તેમણે ૧૯૪૨માં ખરીદેલો ખિસ્સા કોશ મારા જન્મદિન નિમિત્તે મને ભેટમાં આપ્યો હતો અને કહ્યું હતું, 'તું ભવિષ્યમાં જ્યારે ભાષાશિક્ષક બનવાનું સ્વપ્ન સાકાર કરે ત્યારે આ ખિસ્સા કોશ તારો માર્ગદર્શક ને મિત્ર બનશે.' એ ત્રણ આના (૧૮ પૈસા)નો ખિસ્સા કોશ આજે પણ મારા માટે દીવાદંડી સમાન છે.

૧૯૮૦થી ૧૯૯૪ સુધી ભાષા શિક્ષક તરીકેના કાર્યમાં આ કોશ મને ખૂબ કામ લાગ્યો છે. એ પછી ૨૦૧૬ સુધી તપોવન સંસ્કારપીઠ વિદ્યાલય, ગાંધીનગર ખાતે આ જ જોડણી કોશ મારા માટે મારો ભાષામિત્ર બની રહ્યો છે

આ જોડણી કોશ મારા માટે ફક્ત શબ્દોની જોડણી નહીં પણ જીવનાર્થની સાચી પરિપાટી બતાવનારો છે.

મારા દાદા તો આજે હયાત નથી પણ તેમના વંશવેલાનાં ૩૮ માનવ પુષ્પો આજે મહેંકી રહ્યાં છે.

પૂ. દાદાને મારા પ્રણામ.



**- રોહિતકુમાર ભાનુપ્રસાદ જોશી**
**મોટેરા રોડ, સાબરમતી**

એ લોકો બહુ જ ખુશનસીબ હોય છે જેમને દાદા-દાદીનો પ્રેમ પ્રાપ્ત થયો છે. હું પણ એ પૈકીની એક છું.

મારાં દાદા-દાદી હયાત નથી પણ એમની પ્રેમાળ યાદો મારાં દિલમાં કાયમ છે. મારાં દાદા-દાદીને એકેય દીકરી નહોતી ને કદાચ એટલે એમણે દીકરીનું સઘળું વાત્સલ્ય મારા પર ઠાલવ્યું હતું. બચપણનાં વર્ષો મેં એમની છત્રછાયામાં પસાર કર્યાં છે. આ વર્ષો મારી જિંદગીની અમોલી મૂડી છે.

મારા દાદા સ્કૂલમાં આચાર્ય હતા, એમના હાથ નીચે હું ભણી પણ છું એનો મને ગર્વ છે. એમનામાં કર્તવ્યનિષ્ઠા, સત્યપરાયણતા અને ચૂસ્ત સમયપાલનતાના ગુણો હતા. મને બરાબર યાદ છે કે એકવાર હું સ્કૂલ પહોંચવામાં મોડી પડી ત્યારે મારા દાદાએ ઘરે આવીને મને ઠપકો આપ્યો હતો. એના પ્રતાપે આજદિન સુધી હું સમય સાચવવામાં ક્યારેય ક્યાંય ચૂકી નથી.

મારા દાદા મને ખૂબ વહાલ કરતા. સ્કૂલની મિટીંગમાં નાસ્તો મળે તો દાદાજી એ ખાવાને બદલે પડીકું વાળીને ઘરે લઈ આવતા અને મને આપી દેતા. તેઓ બહાર જતા ત્યારે મારા માટે શિંગ-ચણા અવશ્ય લઈ આવતા. આજે પણ શિંગ-ચણા જોઉં ત્યારે દાદા નજર સામે આવ્યા વિના રહેતા નથી.

મારા દાદી પ્રેમ અને કરુણાની મૂર્તિ હતાં. તેમનું જીવન ભક્તિમય અને આધ્યાત્મિક હતું. તેઓ નિયમિત પૂજા કરીને પીપળે પાણી રેડવાનો નિત્યક્રમ પાળતાં. મારા પગે થયેલ સફેદ ડાઘને મટાડવા માટે મારાં દાદા-દાદીએ અથાગ પ્રયત્નો કર્યા હતા એ હું ક્યારે નહીં ભૂલું. તેઓ મારા માટે નિયમત ઘરગથ્થુ ઉપચાર કર્યા કરતાં હતાં, હું કંટાળી જતી તો મને વહાલથી સંભાળી લેતા હતા. તેમણે મારી કરેલી ચિંતાથી આજેય મારી આંખો ભીંજાઈ જાય છે.

મારા જીવનઘડતરમાં દાદા-દાદીનો અમૂલ્ય ફાળો રહ્યો છે એ હું સ્વીકારું છું.

**- કિરણ દવે**
**સેક્ટર-૪ એ**

મમતાભર્યા કરકમળ મસ્તકે ફેરવી સદા
કઢિયલ દૂધ પિવડાવતા સ્નેહથી મને
બનાવી લાડવો ને શીરો ઉરઊમંગે સદા
બેસાડી ખોળામાં ભાવથી ખવડાવતા મને
બાળ સખા બનીને મારા સદા
હસતાં-રમતાં ભણાવતા ધ્યાનથી મને
રામકૃષ્ણ ને શ્રવણની કહી વાર્તાઓ સદા
જ્ઞાન સંસ્કારનો વારસો આપતા મને
લડાવી લાખેણાં લાડ પૌત્રને સદા
વહાવી વાત્સલ્ય ઝરણું ભીંજવતા મને
મૂડી કરતાં વ્યાજ વહાલું સદા
દાદા બન્યા પછી સમજાયું મને
નથી સ્વર્ગસ્થ છે હૃદયસ્થ સદા
આપી રહ્યા શુભાશિષ આજે મને
રાખી સંતોષ ત્યાગીને ભોગવ્યું સદા
આવે મધુર યાદ દાદા-દાદીની મને

**- ઈશ્વરલાલ દેવશંકર જોષી**
**સેક્ટર-૪ ડી**